**GUJARAT BILL NO. 11 OF 2022.**

# THE GUJARAT CONTROL OF TERRORISM AND ORGANISED CRIME (AMENDMENT) BILL, 2022.

***A BILL***

*further to amend the Gujarat Control of Terrorism and Organised Crime Act, 2015.*

**સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૧.**

## ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક, ૨૦૨૨.

*ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ વધુ સુધારવા બાબત વિધેયક.*

આથી, ભારતના ગણરાજ્યના તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) અધિનિયમ, ૨૦૨૨ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, સન ૨૦૨૨-ના જુલાઇ મહિનાની ૧૫ મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**સન ૨૦૧૯નો ગુજરાતનો ૨૪મો.**

**૨.** ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, ‘‘મુખ્ય અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં, પેટા-કલમ (૧)માં, ખંડ (ચ)માં, “ખંડણી, જમીન પચાવી પાડવી, સોપારી આપવી (કોન્ટ્રેક્ટ કિલિંગ), આર્થિક ગુના, ગંભીર પરિણામોવાળા સાયબર ગુના, મોટા પ્રમાણમાં જુગારના કૌભાંડ ચલાવવા, વેશ્યાવૃત્તિ માટે માનવ તસ્કરી કૌભાંડ (હ્યુમન ટ્રાફિકીંગ રેકેટ) ચલાવવા અથવા બાનની રકમ લેવા સહિતની તેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ અને આતંકવાદી કૃત્ય ચાલુ રાખવું તે” એ શબ્દોને બદલે, “ખંડણી, જમીન પચાવી પાડવી, સોપારી આપવી (કોન્ટ્રેક્ટ કિલિંગ), આર્થિક ગુના, ગંભીર પરિણામોવાળા સાયબર ગુના, વેશ્યાવૃત્તિ માટે માનવ તસ્કરી કૌભાંડ (હ્યુમન ટ્રાફિકીંગ રેકેટ) ચલાવવા અથવા બાનની રકમ લેવા સહિતની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખવી તે” એ શબ્દો મૂકવા. **સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૨નો સુધારો.**

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૪નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૪માં, “અથવા કોઇપણ સમયે” એ શબ્દોને બદલે, “અથવા આ અધિનિયમના આરંભની તારીખ પછી કોઇપણ સમયે” એ શબ્દો મૂકવા.

સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા અધિનિયમની કલમ ૨૦ નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૦ માં, પેટા-કલમ (૫)માં, “ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ અથવા કોઇ બીજા અધિનિયમ હેઠળના” એ શબ્દોને બદલે, “ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ હેઠળના” એ શબ્દો મૂકવા.

રદ કરવા બાબત અને અપવાદ.

૫. (૧) ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વટહુકમ, ૨૦૨૨, આથી, રદ કરવામાં આવે છે. સન ૨૦૨૨-નો ગુજરાત વટહુકમ ૨જો.

(૨) આવી રીતે રદ થવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઇપણ કાર્ય અથવા લીધેલું કોઇ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત સરકારે, આતંકવાદી પ્રવૃત્તિઓને અટકાવવા અને તેનું નિયંત્રણ કરવા માટે વિશેષ જોગવાઇઓ કરવા અને સંગઠિત ગુના સિન્ડિકેટ્સની ગુનાહિત પ્રવૃત્તિઓને અંકુશમાં લેવા તેમજ તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટે ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ અધિનિયમિત કર્યો છે. સદરહુ અધિનિયમને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને તે જ ગુજરાત રાજ્યમાં અમલમાં છે.

ગુજરાત સરકારને, તેમ છતાં, અમુક જોગવાઇઓ વધુ અર્થપૂર્ણ બનાવવા અને તેનું સરળ અર્થઘટન કરવા માટે, સદરહુ અધિનિયમ સુધારવાનું જરૂરી જણાયું છે, જેથી કરીને સદરહુ અધિનિયમના અમલ દરમિયાન કોઇપણ જોગવાઇનું ગુજરાત રાજ્યમાંની વ્યક્તિઓને બિનજરૂરી મુશ્કેલીમાં મૂકે તેવું ખોટું અર્થઘટન ન થાય.

ઉપર્યુક્ત હેતુ સિદ્ધ કરવા માટે, ગુજરાત સરકારને, સદરહુ અધિનિયમની કલમ ૨-ની પેટા-કલમ (૧)નો ખંડ (ચ), કલમ ૪ અને કલમ ૨૦ની પેટા-કલમ (૫) સુધારવા જરૂરી જણાયા છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વટહુકમ, ૨૦૨૨ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

તારીખ: ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૨૨. **હર્ષ સંઘવી.**

## પુરવણી

## ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫
## (સન ૨૦૧૯ના ગુજરાતના ૨૪મા)માંથી ઉતારા.

---

વ્યાખ્યા. **૨.** (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) થી (ઘ) xxx xxx xxx

(ચ) "સંગઠિત ગુના" એટલે કોઇપણ વ્યક્તિ પૃથક રીતે અથવા સંયુક્ત રીતે, હિંસા અથવા હિંસાની ધમકી અથવા ધાકધમકી અથવા જબરદસ્તી અથવા બીજા ગેરકાયદે સાધનોના ઉપયોગથી સંગઠિત ગુના સિન્ડિકેટના સભ્ય તરીકે અથવા એવી સિન્ડિકેટ વતી ખંડણી, જમીન પચાવી પાડવી, સોપારી આપવી (કોન્ટ્રેક્ટ કિલિંગ), આર્થિક ગુના, ગંભીર પરિણામોવાળા સાયબર ગુના, મોટા પ્રમાણમાં જુગારના કૌભાંડ ચલાવવા, વેશ્યાવૃત્તિ માટે માનવ-તસ્કરી કૌભાંડ (હ્યુમન ટ્રાફિકીંગ રેકેટ) ચલાવવા અથવા બાનની રકમ લેવા સહિતની તેવી ગેરકાયદેસર પ્રવૃત્તિ અને આતંકવાદી કૃત્ય ચાલુ રાખવું તે;

(છ) થી (ઝ) xxx xxx xxx

(૨) xxx xxx xxx

સંગઠિત ગુના સિન્ડિકેટના સભ્ય વતી બિન હિસાબી મિલકતનો કબજો ધરાવવા માટેની શિક્ષા. **૪.** કોઇપણ વ્યક્તિ, જેનો સંતોષકારક રીતે હિસાબ ન આપી શકે તેવી સ્થાવર અથવા જંગમ મિલકત, સંગઠિત ગુના સિન્ડિકેટના સભ્ય વતી ધરાવતી હોય અથવા કોઇપણ સમયે તે ધરાવી ચૂકી હોય, તો તે, ત્રણ વર્ષ કરતાં ઓછી નહિ તેટલી પણ દસ વર્ષની આજીવન કેદ સુધીની મુદત માટેની શિક્ષાને પાત્ર થશે અને એક લાખ રૂપિયા કરતાં ઓછા નહિ તેટલા દંડની શિક્ષાને પણ પાત્ર થશે અને આવી મિલકત, કલમ ૧૮થી જોગવાઇ કર્યા પ્રમાણે ટાંચ અને સરકાર દાખલ કરવાને પણ પાત્ર થશે.

અધિનિયમની અમુક જોગવાઇઓ સુધાર્યા પ્રમાણે લાગુ પાડવા બાબત. **૨૦.** (૧) થી (૪) xxx xxx xxx

(૫) અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વિશેષ કોર્ટ-એ એવી નોંધ લીધી હોય કે પ્રસ્તુત ગુનાની તારીખે આરોપી આ અધિનિયમ અથવા કોઇ બીજા અધિનિયમ હેઠળના ગુનામાં જામીન પર હતો, તો તેના જામીન મંજૂર કરવા જોઇશે નહિ.

(૬) અને (૭) xxx xxx xxx

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૨નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૧.]

ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ, ૨૦૧૫ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી હર્ષ સંઘવી,
ગૃહ રાજ્ય મંત્રીશ્રી.]

(સન ૨૦૨૨ના સપ્ટેમ્બર મહિનાની ૧૬મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

## THE GUJARAT CONTROL OF TERRORISM AND ORGANISED CRIME (AMENDMENT) BILL, 2022.

## GUJARAT BILL NO. 11 OF 2022.

### *A BILL*

*further to amend the Gujarat Control of Terrorism and Organised Crime Act, 2015.*

It is hereby enacted in the Seventy-third Year of the Republic of India as follows:-

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Control of Terrorism and Organised Crime (Amendment) Act, 2022.

(2) It shall be deemed to have come into force on the 15th July, 2022.

H-329-9-2022

Amendment of section 2 of Guj. 24 of 2019.

2. In the Gujarat Control of Terrorism and Organised Crime Act, 2015 (hereinafter referred to as "the principal Act"), in section 2, in sub-section (1), in clause (e), for the words "continuing unlawful activity and terrorist act including extortion, land grabbing, contract killing, economic offences, cyber crimes having severe consequences, running large scale gambling rackets, human trafficking racket", the words "continuing unlawful activity including extortion, land grabbing, contract killing, economic offences, cyber crimes having severe consequences, human trafficking racket" shall be substituted. Guj. 24 of 2019.

Amendment of section 4 of Guj. 24 of 2019.

3. In the principal Act, in section 4, after the words "or at any time", the words "after the date of commencement of this Act" shall be inserted.

Amendment of section 20 of Guj. 24 of 2019.

4. In the principal Act, in section 20, in sub-section (5), for the words "under this Act, or under any other Act on the date", the words "under this Act on the date" shall be substituted.

Repeal and Saving.

5. (1) The Gujarat Control of Terrorism and Organised Crime (Amendment) Ordinance, 2022 is hereby repealed. Guj. Ord. 2 of 2022.

(2) Notwithstanding such repeal, anything done or any action taken under the principal Act as amended by the said Ordinance, shall be deemed to have been done or taken under the principal Act, as amended by this Act.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Gujarat Control of Terrorism and Organised Crime Act, 2015 has been enacted by the Government of Gujarat to make special provisions for prevention and control of terrorist acts and for coping with criminal activities by organised crime syndicates and for the matters connected therewith or incidental thereto. The said Act has been assented to by the President of India and the same is being implemented in the State of Gujarat.

The Government of Gujarat however, considers it necessary to amend the said Act in order to make certain provisions more meaningful and to make them easy to interpret so that no provision is misinterpreted during implementation of the said Act, resulting in unnecessary hassle to the persons in the State of Gujarat.

To achieve the aforesaid purpose, the Government of Gujarat has considered necessary to amend clause (e) of sub-section (1) of section 2, section 4 and sub-section (5) of section 20 of the said Act.

As the Legislative Assembly of the State of Gujarat was not in session at that time, the Gujarat Control of Terrorism and Organised Crime (Amendment) Ordinance, 2022 was promulgated to achieve the aforesaid objects. This Bill seeks to replace the said Ordinance by an Act of the State Legislature.

Dated the 16th September, 2022 **HARSH SANGHAVI.**

*ANNEXURE*

# EXTRACT FROM THE GUJARAT CONTROL OF TERRORISM AND ORGANISED CRIME ACT, 2015.

**( Guj. 24 of 2019)**

---

**Definitions.**

**2.** (1) In this Act, unless the context otherwise requires, -

(a) to (d) XXX XXX XXX

(e) "organised crime" means any continuing unlawful activity and terrorist act including extortion, land grabbing, contract killing, economic offences, cyber crimes having severe consequences, running large scale gambling rackets, human trafficking racket for prostitution or ransom by an individual, singly or jointly, either as a member of an organised crime syndicate or on behalf of such syndicate, by use of violence or threat of violence or intimidation or coercion or other unlawful means;

(f) to (h) XXX XXX XXX

(2) XXX XXX XXX

**Punishment for possessing unaccountable property on-behalf of member of organised crime syndicate.**

**4.** If any person on behalf of a member of an organised crime syndicate is, or at any time has been in possession of movable or immovable property which he cannot satisfactorily account for, shall be punishable with imprisonment for a term which shall not be less than three years but which may extend to imprisonment for ten years and shall also be liable to fine which shall not be less than rupees one lakh and such property shall also be liable for attachment and forfeiture, as provided by section 18.

**Modified application of certain provisions of Code.**

**20.** (1) to (4) XXX XXX XXX

(5) Notwithstanding anything contained in the Code, the accused shall not be granted bail if it is noticed by the Special Court that he was on bail in an offence under this Act, or under any other Act on the date of the offence in question.

(6) and (7) XXX XXX XXX

GUJARAT LEGISLATURE SECRETARIAT

## GUJARAT BILL NO. 11 OF 2022.

*A BILL*

*further to amend the Gujarat Control of Terrorism and Organised Crime Act, 2015.*

**[ SHRI HARSH SANGHAVI,**
**MINISTER OF STATE FOR HOME]**

**(As published in the Gujarat Government Gazette of 16th September, 2022)**

**D.M.Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

------------

Government Central Press, Gandhinagar.